**<u>GUJARAT BILL NO. 16 OF 2023.</u>**

# THE GUJARAT PRIVATE UNIVERSITIES (AMENDMENT) BILL, 2023.

## *A BILL*

*further to amend the Gujarat Private Universities Act, 2009.*

**<u>સન ૨૦૨૩નું ગુજરાત વિધેયક ક્રમાંક: ૧૬.</u>**

## ગુજરાત ખાનગી યુનિવર્સિટી (સુધારા) વિધેયક, ૨૦૨૩.

## ગુજરાત ખાનગી યુનિવર્સિટી અધિનિયમ, ૨૦૦૯ વધુ સુધારવા બાબત વિધેયક.

સરદાર વલ્લભભાઈ એજ્યુકેશન ટ્રસ્ટ, અમદાવાદ; જ્ઞાનમુદ્રા એજ્યુકેશન ફાઉન્ડેશન, ભાવનગર; સિગ્મા ઇન્સ્ટિટ્યૂટ ઓફ ટેક્નોલોજી એન્ડ એન્જિનિયરીંગ, વડોદરા; રોટરી ફાઉન્ડેશન ફોર એજ્યુકેશન એન્ડ લર્નિંગ (ROFEL) ટ્રસ્ટ, વલસાડ અને મહાવીરા એજ્યુકેશન ટ્રસ્ટ, અમદાવાદ-એ રાજ્યમાં ખાનગી યુનિવર્સિટીઓ સ્થાપવા માટે, ગુજરાત ખાનગી યુનિવર્સિટી અધિનિયમ, ૨૦૦૯ની જોગવાઇઓ હેઠળ રાજ્ય સરકારને અરજી કરી છે;

**સન ૨૦૦૯નો ગુજરાતનો ૮મો.**

અને ચકાસણી સમિતિએ, સદરહુ અરજીઓની ચકાસણી કરી છે અને ચકાસણી સમિતિના અહેવાલ પરથી, રાજ્ય સરકારે, ખાનગી યુનિવર્સિટીની સ્થાપના કરવા માટે, સંબંધિત પુરસ્કર્તા મંડળને ઇરાદાપત્ર કાઢી આપ્યો છે;

અને રાજ્ય સરકારને ખાતરી થઇ છે કે સદરહુ અધિનિયમની કલમ ૧૦માં જોગવાઇ કર્યા પ્રમાણે, પુરસ્કર્તા મંડળોએ, ઇરાદાપત્રની શરતોનું પાલન કર્યું છે અને ઇરાદાપત્ર પ્રમાણેનું દેણગી ફંડ પણ સ્થાપ્યું છે;

તેથી, હવે, ગુજરાત સરકાર, સદરહુ અધિનિયમની કલમ ૧૦ની જોગવાઇઓ અનુસાર, અનુસૂચિના કોલમ ૪માં નિર્દિષ્ટ કર્યા પ્રમાણેના ઉપર્યુકત પુરસ્કર્તા મંડળોના નામે અને સ્થળે, અનુસૂચિના કોલમ ૨-માં નિર્દિષ્ટ કરેલી સંસ્થાઓનો ખાનગી યુનિવર્સિટી તરીકે સમાવેશ કરે છે.

આથી, ભારતના ગણરાજ્યના ચુંમોતેરમા વર્ષમાં નીચેનો અધિનિયમ કરવામાં આવે છે:-

ટૂંકી સંજ્ઞા અને આરંભ.

**૧.** (૧) આ અધિનિયમ ગુજરાત ખાનગી યુનિવર્સિટી (સુધારા) અધિનિયમ, ૨૦૨૩ કહેવાશે.

(૨) તે, રાજ્ય સરકાર, રાજપત્રમાં જાહેરનામાથી નક્કી કરે તેવી તારીખે અમલમાં આવશે.

સન ૨૦૦૯ના ગુજરાતના ૮મા અધિનિયમની અનુસૂચિનો સુધારો.

સન ૨૦૦૯નો ગુજરાતનો ૮મો.

**૨.** ગુજરાત ખાનગી યુનિવર્સિટી અધિનિયમ, ૨૦૦૯માં, અનુસૂચિમાં, અનુક્રમાંક ૫૪ પરની નોંધ પછી, નીચેની નોંધો ઉમેરવી:-

| **અનુક્રમાંક** | **ખાનગી યુનિવર્સિટીનું નામ અને સરનામું.** | **નોંધણી અને નોંધણી નંબરની વિગતો.** | **પુરસ્કર્તા મંડળ.** |
|---|---|---|---|
| **૧.** | **૨.** | **૩.** | **૪.** |
| "૫૫. | સરદાર વલ્લભભાઈ ગ્લોબલ યુનિવર્સિટી, ચીમનભાઈ પટેલ ઇન્સ્ટિટ્યૂટ કેમ્પસ, કર્ણાવતી ક્લબની સામે, શપથ ૪ પાસે, પ્રહ્લાદનગર, એસ.જી. હાઈવે, અમદાવાદ-૩૮૦૦૧૫. | ગુજરાત સાર્વજનિક ટ્રસ્ટ અધિનિયમ, ૧૯૫૦ હેઠળ નોંધણી. રજિસ્ટ્રેશન નં. ઈ-૩૨૨૫ અમદાવાદ તારીખ: ૧૪/૦૩/૧૯૭૮. | સરદાર વલ્લભભાઈ એજ્યુકેશન ટ્રસ્ટ, રિલીફ રોડ, અમદાવાદ. |
| ૫૬. | જ્ઞાનમંજરી ઈનોવેટિવ યુનિવર્સિટી, સરવે નં. ૩૦, સીદસર રોડ, ભાવનગર-૩૬૪૦૬૦. | કંપની અધિનિયમ, ૨૦૧૩ હેઠળ નોંધણી. નં.યુ૮૦૩૦૧જીજે૨૦૧૪એનપીએલ૦૮૧૧૬૨ તારીખ: ૩૧/૧૦/૨૦૧૪. | જ્ઞાનમુદ્રા એજ્યુકેશન ફાઉન્ડેશન, સરવે નં. ૩૦, સીદસર રોડ, ભાવનગર-૩૬૪૦૬૦. |

| | | | |
|---|---|---|---|
| ૫૭. | સિગ્મા યુનિવર્સિટી,<br>મુ. અને પો. બાકરોલ,<br>આજવા-નિમેઠા રોડ,<br>તા: વાઘોડીયા,<br>વડોદરા-૩૯૦૦૧૯. | ગુજરાત સાર્વજનિક ટ્રસ્ટ અધિનિયમ, ૧૯૫૦ હેઠળ નોંધણી.<br>રજિસ્ટ્રેશન નં. ઈ- ૬૪૩૨ વડોદરા<br>તારીખ: ૦૮/૦૧/૨૦૦૪. | સિગ્મા ઇન્સ્ટિટ્યૂટ ઓફ ટેક્નોલોજી એન્ડ એન્જિનિયરિંગ,<br>મુ. અને પો. બાકરોલ,<br>આજવા-નિમેઠા રોડ,<br>તા: વાઘોડીયા,<br>વડોદરા-૩૯૦૦૧૯. |
| ૫૮. | રજ્જુ શ્રોફ રોફેલ (ROFEL) યુનિવર્સિટી (આરએસઆરયુ),<br>સરવે નં. ૭૮-૭૯,<br>રોફેલ (ROFEL) કેમ્પસ,<br>નામધા-વાપી,<br>વલસાડ-૩૯૬૧૯૧. | મંડળી રજિસ્ટ્રેશન અધિનિયમ, ૧૮૬૦ હેઠળ નોંધણી.<br>રજિસ્ટ્રેશન નં. ગુજરાત/ ૨૦૯/વલસાડ<br>તારીખ: ૦૨/૧૧/૧૯૮૭. | રોટરી ફાઉન્ડેશન ફોર એજ્યુકેશન એન્ડ લર્નિંગ (ROFEL) ટ્રસ્ટ,<br>પ્લોટ નં. ૧૪/૫,<br>છરવાડા રોડ,<br>જીઆઈડીસી વાપી-૩૯૬૧૯૫. |
| ૫૯. | કે. એન. યુનિવર્સિટી,<br>સરવે નં. ૧૦૧૭, ૧૦૧૮,<br>મુ: વિંછીયા,<br>તા: સાણંદ,<br>અમદાવાદ. | ગુજરાત સાર્વજનિક ટ્રસ્ટ અધિનિયમ, ૧૯૫૦ હેઠળ નોંધણી.<br>રજિસ્ટ્રેશન નં. ઈ-૨૧૭૪૭ અમદાવાદ<br>તારીખ: ૧૮/૦૩/૨૦૧૭. | મહાવીરા એજ્યુકેશન ટ્રસ્ટ,<br>૧૧૮/૧, પટેલ વાસ,<br>ગોતા ગામ,<br>અમદાવાદ-૩૮૨૪૮૧.”. |

## ઉદ્દેશો અને કારણો

રાજય સરકારે, ગુણવત્તાસભર અને ઉદ્યોગલક્ષી ઉચ્ચ શિક્ષણ પૂરું પાડવાના હેતુથી, રાજયમાં ખાનગી યુનિવર્સિટીઓની સ્થાપના કરવા માટેની જોગવાઈ કરવા અને અને અધિનિયમની જોગવાઈઓ અનુસાર તેના કાર્યોનું નિયમન કરવા માટે, ગુજરાત ખાનગી યુનિવર્સિટી અધિનિયમ, ૨૦૦૯ (સન ૨૦૦૯નો ગુજરાતનો ૮મો) અધિનિયમિત કર્યો છે.

રાજ્ય સરકારને, સરદાર વલ્લભભાઈ એજ્યુકેશન ટ્રસ્ટ, અમદાવાદ, જ્ઞાનમુદ્રા એજ્યુકેશન ફાઉન્ડેશન, ભાવનગર; સિગ્મા ઇન્સ્ટિટયૂટ ઓફ ટેકનોલોજી એન્ડ એન્જિનિયરીંગ, વડોદરા; રોટરી ફાઉન્ડેશન ફોર એજ્યુકેશન એન્ડ લર્નિંગ (ROFEL) ટ્રસ્ટ, વલસાડ અને મહાવીરા એજ્યુકેશન ટ્રસ્ટ, અમદાવાદ પાસેથી, ખાનગી યુનિવર્સિટીઓ તરીકેની દરખાસ્ત મળી છે. સદરહુ અધિનિયમની કલમ ૧૦થી એવી જોગવાઇ કરી છે કે રાજ્ય સરકારને એવી ખાતરી થાય કે પુરસ્કર્તા મંડળે, ઇરાદાપત્રની શરતોનું પાલન કર્યું છે, તો પછી રાજય સરકારે, સદરહુ અધિનિયમની અનુસૂચિમાં યુનિવર્સિટીના નામનો સમાવેશ કરવા માટે, યોગ્ય કાયદો લાવવો આવશ્યક હોય છે. સદરહુ દરખાસ્તોની, સદરહુ અધિનિયમની કલમ ૮ હેઠળ નિમાયેલી ચકાસણી સમિતિએ વિચારણા કરી છે અને સમિતિએ તેનો અહેવાલ રાજ્ય સરકારને રજૂ કર્યો છે અને એવા અહેવાલના આધારે, રાજ્ય સરકારને ખાતરી થયા પછી, અધિનિયમની કલમ ૯ હેઠળ જોગવાઇ કર્યા મુજબ ઇરાદાપત્ર કાઢી આપ્યો છે અને પુરસ્કર્તા મંડળોએ ઇરાદાપત્રની શરતોનું પાલન કર્યું હોવાથી, સદરહુ અધિનિયમની કલમ ૧૦ હેઠળ ઉલ્લેખ કર્યા પ્રમાણે, અધિનિયમની અનુસૂચિમાં યુનિવર્સિટીઓના નામનો સમાવેશ કરવાનું જરૂરી જણાયું છે.

આ વિધેયકથી, ઉપર્યુક્ત ઉદ્દેશો સિદ્ધ કરવા માટે સદરહુ અધિનિયમ સુધારવા ધાર્યું છે.

**પ્રફુલ પાનશેરીયા,**

## ધારાકીય સત્તા સોંપવાની યાદી

આ વિધેયકમાં, નીચેની બાબતના સંબંધમાં ધારાકીય સત્તાની સોંપણીનો સમાવેશ થાય છે:-

***કલમ ૧.-*** આ કલમની પેટા-કલમ (૨)થી, રાજ્ય સરકારને, રાજપત્રમાં જાહેરનામાથી, અધિનિયમ જે તારીખે અમલમાં આવશે તે તારીખ નક્કી કરવાની સત્તા મળે છે.

ઉપર્યુક્ત ધારાકીય સત્તાની સોંપણી આવશ્યક અને સામાન્ય પ્રકારની છે.

**તારીખ: ૨૧મી માર્ચ, ૨૦૨૩.** **પ્રફુલ પાનશેરીયા.**

ગુજરાત વિધાનસભા સચિવાલય

[સન ૨૦૨૩નું ગુજરાત વિધેયક ક્રમાંક: ૧૬.]

ગુજરાત ખાનગી યુનિવર્સિટી અધિનિયમ, ૨૦૦૯ વધુ સુધારવા બાબત વિધેયક.

[શ્રી પ્રફુલ પાનશેરીયા,
રાજ્ય કક્ષાના શિક્ષણ મંત્રીશ્રી.]

(સન ૨૦૨૩ના માર્ચ મહિનાની ૨૧મી તારીખે ગુજરાત સરકારી રાજપત્રમાં પ્રસિદ્ધ કર્યા મુજબ)

ડી. એમ. પટેલ,
સચિવ,
ગુજરાત વિધાનસભા.